# PRESS NOTE

Silve Oak Group of Institutes was in flash light in the City Bhaskar edition of Gujarat's daily news paper "Divya Bhaskar" on 31st of October with the briefing of the successfully organized event "MAHINDRA AUTO QUOTIENT (AQ) – SEASON 7" on 30th October at Silver Oak College of Engineering and Technology. The Glimpse of different rounds were briefly notified in the news paper with a short interview of participants.

---

# કાર્સના શોખીનો માટે ક્વિઝ કોમ્પિટીશન

સિલ્વર ઓક એજ્યુકેશન ટુ ઈનોવેશનમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા પ્રા.લિ.દ્વારા ઓટો ક્વેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતનાં સુરત, વડોદરા અને રાજકોટનાં વિદ્યાર્થીઓની ત્રણ ટીમનું સિલેક્શન થયું. તેમજ અમદાવાદ સેન્ટર પર યોજાયેલી સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ લેખિત પરીક્ષા આપી. ટેસ્ટ લીધાં બાદ તેમાંથી પાસ થયેલાં વિદ્યાર્થીઓની ટીમને આ ક્વેસ્ટનાં ફાઈનલ રાઉન્ડ માટે પસંદ કરવામાં આવ્યાં હતાં.

સિટી રિપોર્ટર @ahm_cb

સિટી ઈવેન્ટ

સિલ્વર ઓક એજ્યુકેશન ટુ ઈનોવેશનમાં ઓટો ક્વેસ્ટનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ગુજરાતની મોટાભાગની એન્જિનિયરિંગ કોલેજોનાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શરૂઆતમાં આ ક્વેસ્ટ કાર્યક્રમમાં લેખિત ટેસ્ટ લીધાં બાદ તેમાંથી પાસ થયેલાં વિદ્યાર્થીઓની ટીમને આ ક્વેસ્ટનાં ફાઈનલ રાઉન્ડ માટે પસંદ કરવામાં આવ્યાં હતાં.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ગ્રુપનાં આસિસ્ટંટ મેનેજર નિરવ પંચાલે જણાવ્યું કે, 'મહિન્દ્રા ઓટો ક્વેસ્ટએ ઓટો એન્થુઝિઆસ્ટ્સ માટે અમે દર વર્ષે આયોજન કરીએ છે. જેને પણ ઓટો અને ઓટોને લગતી પ્રવૃત્તિઓમાં રસ હોય તે આ સ્પર્ધામાં ભાગ લઈ શકે છે.' સિટી રાઉન્ડ્સનાં વિનર્સ એનડીટીવી રાઉન્ડમાં પહોંચશે. ત્યાંથી સ્પર્ધા જીતેલાં વિનર્સને દરેકને મહિન્દ્રા ઈટુઓ (ઈલેક્ટ્રીકા), ફર્સ્ટ રનર અપને મહિન્દ્રા ગસ્ટો, સેકન્ડ રનર અપને મહિન્દ્રા વાઈલ્ડ એસ્કેપ અને થર્ડ રનર અપને મહિન્દ્રા એડવેન્ચર આપવામાં આવશે. અહીંયા 18થી 35 વર્ષની કોઈપણ વ્યક્તિ આ સ્પર્ધામાં ભાગ લઈ શકે છે. જેમને કાર્સનો અને ઓટોમોબાઈલ્સનો શોખ છે તે આ સ્પર્ધામાં ભાગ લઈ શકે છે.

## ડાયરેક્ટ પ્લેસમેન્ટ મળવાનો ફાયદો

મને પહેલેથી જ ઓટોમેનિયાક છું અને તે વિશે નવું નવું જાણવાનું ગમે છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે મેં અત્યાર સુધી થયેલી સ્પર્ધાઓનાં પ્રશ્નોનું લિસ્ટ ઈન્ટરનેટ પરથી શોધ્યું હતું અને તેમાંથી તૈયારી કરી હતી. આ સ્પર્ધામાં ભાગ લેવાનો એક ફાયદો એ પણ છે કે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ગ્રૂપ વિનર્સને ડાયરેક્ટ પ્લેસમેન્ટ માટે પસંદ કરે છે.
-વિશાલ, એન્જિનિયરિંગ વિદ્યાર્થી.

## નોલેજ માટે મેં ભાગ લીધો

મારે એક પ્રોડક્ટ ડેવલપ કરવી છે, જેથી આ ક્વિઝ કોન્ટેસ્ટમાં ભાગ લેવું મારા માટે મહત્વનું છે. મહિન્દ્રા દ્વારા હાલમાં જ રેવા, ટીયુવી300ને લોન્ચ કર્યાં છે. તેઓ બધું જ ઈનહાઉસ કરે છે. તેઓ કન્ઝ્યુમર મોડલ્સ, પ્રોડક્શન વગેરે પોતાને ત્યાં જ કરે છે. આ બધું જ નોલેજ મારે લેવું છે. આ ઉપરાંત મારે સિઝન 7માં વિનર પણ થવું છે.
-પ્રિયાંક અગ્રવાલ, એન્જિનિયરિંગ વિદ્યાર્થી

## જાતને ટેસ્ટ કરવી છે

હું છેલ્લાં દોઢ વર્ષથી આ સ્પર્ધામાં ભાગ લેવા માટે તૈયારી કરી રહ્યો હતો. મારે મારી જાતને હવે ચકાસવી છે, જેથી મેં અહીંયા ભાગ લીધો છે. જો હું સિલેક્ટ થઈશ તો મને પ્લેસમેન્ટ મળશે, જે પણ મારી કરિયરમાં મહત્વનું સાબિત થશે. આ માટે હું યુટ્યુબનાં ઓટોમોબાઈલ્સનાં ક્વિઝનાં વિડીયોઝ જોતો, તેમજ ઓટોમોબાઈલ બૂક્સ અને મેગેઝિન્સ વાંચતો હતો.
-**અનમોલ કપૂર**, એન્જિનિયરિંગ વિદ્યાર્થી.

## કેવાં પ્રશ્નો પૂછવામાં આવે છે

ઓટોમોબાઈલ ઈન્ડ્સ્ટ્રીને લગતાં નાનામાં નાના સવાલો પૂછવામાં આવે છે. એફ વન રિસર્ચથી માંડીને કોઈપણ કારનાં એન્જિન વિશેનાં દુનિયાભરની ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીનાં પ્રશ્નો પૂછવામાં આવે છે.